ગાંધીનગર સમાચાર

| | |
|---|---|
| મહત્તમ : ૩૭.૬ ડીગ્રી<br>લઘુતમ : ૨૫.૦ ડીગ્રી<br>ભેજ<br>સવારે ૬૩ ટકા ● સાંજે ૩૫ ટકા | ગાંધીનગર તાપમાન |

# સો રિમોટનું એક રિમોટ એટલે 'યુનિમોટ'

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

શું આપ ઘરમાં ટીવી, એસી, સેટટોપ બોકસ, સાઉન્ડ સીસ્ટમ, ડીવીડી પ્લેયર વગેરેના અલગ અલગ રિમોટ કન્ટ્રોલ હોવાને કારણે પરેશાન છો? શું આપની ઓફિસમાં અને ઘરમાં લગાડાયેલા તમામ ઈલેકટ્રોનિકસ ઉપકરણો માત્ર એક જ રિમોટ કન્ટ્રોલથી ચાલી જાય તેવું ઈચ્છો છો? તો આપના માટે ખુશ ખબર છે, ગાંધીનગરની એલડીઆરપી કોલેજમાં આઈટી એન્જિનીયરીંગ કરી રહેલા એક વિદ્યાર્થીએ વિકસાવ્યું છે એક 'યુનિમોટ', જે સ્માર્ટ ફોનના સહારે તમામ ઈલેકટ્રોનિકસ ઉપકરણોને સંચાલિત કરી શકે છે જેથી તમને અનેક રિમોટ કંટ્રોલની ઝંઝાળમાંથી મુકિત અપાવી શકે છે.



સે-૧૫ની એલડીઆરપી એન્જિનીયરીંગ કોલેજમાં આઈટી એન્જિનીયરીંગના ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા કલોલના પ્રિયાંક વાઘેલા નામના વિદ્યાર્થીએ એક યુનિવર્સલ રિમોટ કન્ટ્રોલ ઉપકરણ બનાવ્યું છે જેનું નામ તેણે 'યુનિમોટ' આપ્યું છે. આ 'યુનિમોટ' એક નાનકડી ઓડિયો જેક જેવું છે અને સ્માર્ટફોનમાં ઉપલબ્ધ ઓડિયો જેકના પ્લગમાં ફીટ થઈ જાય છે. યુનિમોટને મોબાઈલ એપ્લિકેશનથી વાપરી શકાય છે જે હાલ એન્ડ્રોઈડ અને આઈફોન માટે ઉપલબ્ધ છે. યુનિમોટના કારણે ઘર કે ઓફિસમાં રિમોટથી ચાલતા ઈલેકટ્રોનિકસ ઉપકરણો માટે અલગ અલગ રિમોટ વાપરવાની ઝંઝટમાંથી મુકિત મળે છે. યુનિમોટ તમામ પ્રકારના સાધનો જેવા કે ટીવી, સેટટોપ બોકસ, એસી, ડીવીડી પ્લેયર, સાઉન્ડ સિસ્ટમ, રિમોટ સંચાલિત ફેન કે અન્ય તમામને સંચાલિત કરી શકે છે. આ યુનિમોટ ૫ થી ૧૦ મીટર સુધીની રેન્જમાં ઉપાયગમાં લઈ શકાય છે. યુનિમોટ એક આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ ધરાવે છે જેથી તેની મોબાઈલ એપમાં જઈ જે તે બ્રાન્ડ સિલેકટ કર્યા પછી તેનું મોડલ તે જાતે સિલેકટ કરી લે છે તેથી આપણે ઉપકરણના મોડેલ યાદ રાખવા કે જાણવા જરુરી નથી.

યુનિમોટને તાજેતરમાં એલડીઆરપી ખાતે યોજાયેલ 'ફિએસ્ટા'માં રજુ કરાયું હતું. જેને ખૂબ જ પ્રોત્સાહિત પ્રતિસાદ સાંપડયો હતો. પ્રિયાંક વાઘેલા યુનિમોટનું વ્યાપારિક ધોરણે ઉત્પાદન પણ કરી રહ્યા છે અને હાલ રૂ. ૩૫૦ની કિંમતમાં ડિસ્કાઉન્ટ સાથે નજીવી કિંમતે માત્ર રૂ. ૨૫૦માં તેનું ઓનલાઈન વેચાણ પણ કરી રહ્યા છે. આ યુનિમોટની તેમણે પેટન્ટ કરાવવા માટે પણ પ્રોસેસ હાથ ધરી છે.

### યુનિમોટ ઈકો-ફ્રેન્ડલી છે

યુનિમોટ એ મોબાઈલથી ચાલતું ડિવાઈસ છે જેના કારણે તેને અલગ બેટરીની જરૂર નથી પડતી. વળી, યુનિમોટના કારણે બાકીના તમામ રિમોટનો ઉપયોગ પણ ટાળી શકાય છે જેથી એટલી બેટરીઓ ઓછી વપરાય છે જે પર્યાવરણ માટે હિતકારક છે.

### પ્રવાસમાં ઉપયોગી બની શકે

જયારે તમે બહારગામના સ્થળે પ્રવાસે જાવ ત્યારે હોટલના રૂમમાં એસી-ટીવી વગેરે હોય પરંતુ તેના રિમોટ ચાલુ ના હોય કે તેમાં બેટરી ખલાસ હોય તેવા સંજોગોમાં યુનિમોટ ઉપયોગી બને છે. વળી, યુનિમોટની એપ એમેઝોન વેબ સર્વિસ પર ડેટા લોડ કરતું હોવાથી તેના દ્વારા વાઈરસનો પણ ખતરો નથી.

# શહેરના ખ માર્ગ પર ગંભીર અકસ્માત

## ખ-૩ સર્કલ પાસે કાર રીક્ષા સાથે ટકરાતા વીજ પોલના ટુકડા : કારમાં બેઠેલ મહિલા ફસાતા ફાયર બ્રિગેડ પહોંચી







ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ખ-૩ સર્કલ પાસે આજે સાંજના સુમારે સરગાસણ ચોકડી તરફથી મહાત્મા મંદિર તરફ તીવ્ર ગતિએ જઈ રહેલી સ્વીફટ કારના ચાલકે રીક્ષાને અડફેટે લીધી હતી. ત્યારબાદ કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર થઈને વીજપોલને જોરથી અથડાતા વિજપોલના પણ બે ટુકડા થઈ ગયા હતા. કાર વિજપોલ પર પિકચરમાં દર્શાવવામાં આવે છે તે રીતે લટકી રહી હતી. કારનો ખુડદો બોલાઈ જતા આગળની સાઈડમાં બેઠેલી મહિલાને ફાયર બિગ્રેડની અડધો કલાકની ભારે જહેમત બાદ કટરથી પતરૂ કાપીને બહાર નીકાળી હતી. જયારે રીક્ષાનો કચ્ચરઘાણ થઈ ગયો છે. બનાવને જાણ પોલીસ, ફાયર બિગ્રેડ અને ૧૦૮ ને થતા તાત્કાલીક બનાવ સ્થળ પર પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી.

ગાંધીનગર શહેરના ખ- ૩ પાસે આજે મોડી સાંજના સમયે સરગાસણ તરફથી મહાત્મા મંદિર તરફ સ્વીફટ કાર નં- જી.જે.૧૮.ઈ. ૩૫૬૮ તીવ્ર ગતિએ જઈ રહી હતી તે સમયે વાવોલ ગામ હરિનગર તરફથી ખ માર્ગ પર આવી રહેલી રીક્ષાને માર્ગ પર આવતા જ જોરદાર અડફેટે લીધી હતી. રીક્ષા પલટી ખાઈ ગઈ હતી અને રીક્ષાનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. બનાવને પગલે ઘરમાંથી રહીશો બહાર દોડી આવ્યા હતા. જયારે બનાવ સ્થળે નાગરીકોના ટોળેટોળા જોવા માટે ઉમટયા હતા. આ બનાવમાં રીક્ષા ચાલક અને કારમાં સવાર બે વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી. સાંજના સમયે ખ માર્ગ પર અકસ્માત સર્જાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ખ-૩ થી ખ-૨ સુધીના માર્ગને વન-વે કરવાની ફરજ પોલીસને પડી હતી. અકસ્માતમાં સ્વીફટ કારનો ખુડદો બોલાઈ ગયો હોવાથી એન્જીનમાંથી ઓઈલ ઢોળાયુ હોવાથી ઓઈલને પગલે અન્ય અકસ્માત ન સર્જાય તે માટે સેવાભાવી નાગરીકોએ રેતી નાંખી હતી. સ્વીફટ કારમાં આગળ બેઠેલ મહિલાને સલામત રીતે બહાર નીકાળવાની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન ફાયર બિગ્રેડના જવાન ઈલેશ માલીને હાથે કાચના ટુકડા અને કટર વાગતા ઈજા પહોંચતા સિવિલમાં ડ્રેસીંગ માટે લઈ જવાયો હતો. જયારે રીક્ષા ચાલક વાવોલ ગામના દિનેશ બેચરભાઈ પટેલ રહે. સિધ્ધાર્થ રેસીડન્સી હોવાનું માલુમ પડ્યું હતું. તેઓને જમણા પગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હોવાથી શહેરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયારે કારમાં સવાર મહિલા તેમજ પુરૂષને પણ શરીરે ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર માટે ખસેડાયા હતા.

**@ગાંધીનગર**

● બાલવા ખાતે આયોજીત રામકથામાં બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન રામ જન્મોત્સવની ઉજવણી અને હિંડોળા દર્શનનો લાભ ભારતીબાપુની વ્યાસ પીઠે યોજાશે. રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન ભકત મીરાંબાઈની ઝાંખીના દર્શનનો લાભ મળશે.

# ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર ખાતે રોજગાર મેળાનું અને સ્વરોજગાર શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

તા. ૧ મે, ગુજરાત રાજયનો સ્થાપના દિન છે. સ્થાપના દિન નિમિત્તે ગુજરાત ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીના ભાગ રૂપે જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૦૧ મે, ૨૦૧૭ ના રોજ એક રોજગાર મેળાનું તથા સ્વરોજગાર શિબિરનું આયોજન આઈ.ટી.આઈ હોસ્ટેલ બિલ્ડીંગ, આઈ.ટી.આઈ. કોલેજની પાછળ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે સવારના ૧૦.૦૦ થી બપોરના ૨.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ કંપનીઓમાંથી નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે. ગાંધીનગર જિલ્લાના યુવાધનને રોજગારી પ્રાપ્ત થાય તે હેતુ ફકત ગાંધીનગર જિલ્લાના ઉમેદવારોને આ રોજગાર મેળાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારી(જનરલ)એ જણાવ્યું છે.

# ગાંધીનગર જિલ્લામાં ગુજરાત સ્થાપના દિનની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરાશે

ગાંધીનગર, તા.૨૪

તા. ૧ મે એટલે ગુજરાત રાજય સ્થાપના દિન. આ દિન દરેક ગુજરાતીઓ માટે ગૌરવ દિન છે. રાજયના સ્થાપના દિનની ઉજવણી ગાંધીનગર જિલ્લામાં ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવનાર છે. ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે આજ રોજ જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના વિવિધ અધિકારીઓની બેઠક મળી હતી.

ગાંધીનગર જિલ્લાવાસીઓના માનસપટમાં રાજયના સ્થાપના દિનની ઉજવણી છવાય જાય તેવા ઉમદા આશયથી જિલ્લામાં ઠેર ઠેર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સ્થાપના દિન નિમિતે ગાંધીનગર શહેરમાં આવેલી તમામ પ્રતિમાની સફાઇ કરવામાં આવશે. તેમજ તા. ૨૯મી એપ્રિલ થી તા. ૧ મે, ૨૦૧૭ સુધી જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. જેમાં ડીજીટલ લોકર અને ડીજીટલ લીટરસી તાલીમ, યોગ શિબિર, મધુપ્રમેહ અને સ્થુળતા અંગે માર્ગદર્શન કેમ્પ, ફોટોગ્રાફી પ્રદર્શન, ડાયરો, બેટી બચાવો બેટી, પઢાવો કાર્યક્રમ, રનફોર ગુજરાત કાર્યક્રમ, મહિલાઓ માટે આરોગ્ય તપાસણી કેમ્પ, ગુજરાત ગૌરવ દિન ઉજવણી, સન્માન સમારંભ અને ડોક્યુમેન્ટ્રી પ્રદર્શન, બેન્ડ – શો, રોજગાર મેળા, વાનગી સ્પર્ધા, બાળ તંદુરસ્ત સ્પર્ધા, ઉજ્જવલા કીટ વિતરણ કાર્યક્રમ, સુરક્ષા સેતુ હેઠળ ઈનોવેટીવ પ્રોગ્રામ, ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ અને જિલ્લાના ગામો અને શહેરોમાં સમૂહ સફાઈનું પણ આયોજન કરવામાં આવનાર છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી રાકેશકુમાર વ્યાસ, નાયબ કલેકટર શ્રી કવિતા શેઠ સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચિલોડા વિસ્તારમાં મચ્છરોના ભારે ઉપદ્રવથી લોકો હેરાન પરેશાન

ચિલોડા, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલ ચિલોડા પંથકમાં મચ્છરોના ભારે ઉપદ્રવથી ગ્રામવાસીઓ ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે. ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે વિશાળ પાણીના ભરચક તળાવમાં બિનઉપયોગી લીલીવેલ પથરાઈ હોવાથી મચ્છરોનું આશ્રમસ્થાન બનતાં તળાવના કાંઠે વસતા પંચવટી સોસાયટી, પીપળી વાળો વાસ, રાવળવાસ, ઈન્દિરાનગર સહિત વિસ્તારના રહીશો રાત્રે મચ્છરોના ઝુંડે ઝુંડ ઉતરી પડતાં ગરમીમાં બહાર ઉંઘ લેવામાં મુશ્કેલી વેઠી



રહ્યા છે. મચ્છરોથી બચવા મચ્છરદાની, ગુડનાઈટ, મોર્ટેઈન, કાચબા છાપ અગરબત્તીનો ધૂમ ઉપયોગ કરી રહ્યા છે તેમ છતાં મચ્છરોનો ત્રાસ દૂર ન થતા ત્રાહિમામ પોકારી રહ્યા છે. ચાર રસ્તાના હાઈવે પરની હોટલો તથા સર્વિસ સ્ટેશનનું ગંદુ પાણી તળાવમાં ઠલવાતા મચ્છરોને જીવનદાન મળતા મચ્છરોનો ભોગ ગ્રામવાસીને બનાવાનો વારો આવ્યો છે. ગ્રામવાસીઓ મચ્છરદાનીના સહારે ઉંઘ માણવા મજબુર બન્યા છે. ચિલોડા વિસ્તારમાં મચ્છરોથી ફેલાતો રોગ મેલેરિયાથી બચાવવા જંતુનાશક દવા કે મચ્છરોના ઉપદ્રવને નાથવા આરોગ્ય ખાતા તરફથી યોગ્ય કામગીરી હાથ ધરાય તેવી તીવ્ર માંગ પ્રવર્તી રહી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા દ્વારા સુરીલી સંગીત સંધ્યાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮નો પ્રથમ કાર્યક્રમ 'સુરીલી સંગીત સંધ્યા' આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ તા.૨૭મી એપ્રિલે રાત્રે ૯ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં ભારતરત્ન પુરસ્કૃત સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરના ગીતો રજૂ કરાશે. કાર્યક્રમમાં વોઈસ ઓફ લતાજી તરીકે જાણીતા અને ખુશ્બુ ગુજરાત કી એડ કેમ્પેઈન ફેમ વર્ષા કુલકર્ણી લતા મંગેશકરના ગીતો રજૂ કરશે. વર્ષા કુલકર્ણીને સાથી કલાકારો અક્ષય તમપચે અને અજય પટેલ સાથ આપશે તથા કાર્યક્રમનું સંચાલન મોહસીન શેખ કરશે. કાર્યક્રમમાં ઓરકેસ્ટ્રા મેલોડિયસનું રહેશે. આ કાર્યક્રમમાં જુના અને નવા દરેક સભ્યોને ઉપસ્થિત રહેવા લક્ષ્મણ કંસારા અને ભૂપેન્દ્ર ગજ્જરે આમંત્રણ પાઠવ્યું છે. જે સભ્યોને કાર્યક્રમના પાસ મળ્યા ના હોય તેમને સ્થળ પરથી પાસ મળી રહે તેવી વ્યવસ્થા પણ કરાઈ છે.

### ચિરવિદાય

● સ્વ. વિનોદકુમાર અંબાલાલ રાવળ, ઉ.વ. ૪૧

**આઈ લવ માય ગાંધીનગર**



**જિજ્ઞેશ રાવલ**

સ્પેશિયલ ટીચર

**ગાંધીનગર ગમે**

હરિયાળી, સુંદરતા અને સારા લોકોને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

કલા અને સંસ્કૃતિપ્રેમી તથા સેવાભાવી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કલા અને સેવાપ્રવૃત્તિ ગમે.

જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન, જી ઈ કલબ, ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

કલા અને સેવાને વ્યાવસાયિક ધોરણે સ્વીકારી શકે એવા યુવાઓની ફોજ તૈયાર કરવી જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

કલા અને સેવા પ્રવૃત્તિમાં રત છું ને રહીશ.

# સે-૪માં ચકલીઓની વસ્તી વધતા પક્ષી પ્રેમીઓમાં ખુશી

## 'વિશ્વ ધરતી દિવસ'ના દિવસે જ માટીના માળામાં ચકલીના બે બચ્ચાંનો જન્મ!

ગાંધીનગર, તા.૨૪

પાટનગરમાં લગભગ ૧૩૫ જેટલી વિવિધ પ્રજાતિઓના પક્ષીઓ વસવાટ કરે છે. ખાસ કરીને કાગડાં, કાબર, કબૂતર મોટી સંખ્યામાં છે. મીનીસ્ટ્રી બંગલા તથા સચિવાલય પરિસરની આસપાસ મોરનો વસવાટ મોટી સંખ્યામાં છે. અત્યાર સુધી સે-૪ સહીતના વિસ્તારમાં ચકલીઓ બિલકુલ જોવા મળતી નહતી. પરંતુ લગભગ દોઢ બે વર્ષથી ચકલી જોવા મળતા શહેરમાં વસતા પક્ષી પ્રેમીઓમાં આનંદની લાગણી જોવા મળી છે.

સેકટર-૪-બીમાં વસતા ગીતાબેન અશ્વિનભાઈ આહીર તેમના કોમનપ્લોટમાં જાતે તૈયાર કરેલ અનોખી ડીઝાઈનના ચબૂતરામાં નિયમિત રીતે પક્ષીઓને ચણ નાંખે છે. ગીતાબેન તથાવ તેમના પતિએ પક્ષીઓ માટે દાણા-પાણી ઉપરાંત રાઈડઝ (હીંચકા)ની પણ વ્યવસ્થા કરી છે. જેમાં વિવિધ પંખીઓ કલશોર કરતા જોવા એ એક લહાવો છે. જેમાં ચકલી, કબૂતર, બુલબુલ તથા કાગડા જેવા પક્ષીઓને હિંચકા ખાતા જોઈને બાળકો તો ઠીક મોટી વ્યકિતઓ પણ ખુશ થઈ જાય છે.

ગીતાબેનના ઘરે પક્ષીઓને ફ્રેન્ડલી વાતાવરણ મળે એ માટે પાણીની પરબ, માટીના ચકલીઘર તેમજ પૂંઠાના બોકસમાંથી પણ માળા બનાવીને રાખ્યા છે. જેમાં ચકલીઓ દ્વારા બે વર્ષથી માળો બનાવવામાં પ્રયત્ન કરવામાં આવતો હતો પરંતુ કાબર-કાગડાં જેવા અન્ય પક્ષીઓ માળો તોડી નાખવાથી બચ્ચાંનો જન્મ થઈ શકતો ન હતો. ઈંડામાંથી બચ્ચા આવે એ પહેલાં જ કાગડાઓ માળાની તોડફોડ કરતા હતા. દરમિયાનમાં 'વિશ્વ ધરતી દિવસ' એટલે કે ૨૨મી એપ્રિલ ૨૦૧૭ના રોજ તેમના ઘેર માટીના ચકલીઘરમાં ચકલીના ઈંડામાંથી બે બચ્ચાંનો જન્મ થતાં તેઓ ખુબ જ ખુશ છે.



ગીતાબેન જણાવે છે કે એક સમયે ઘર આંગણાનું અતિ સામાન્ય પક્ષી ગણાતું ચકલી આજે દુર્લભ બની ગઈ છે. જે પંખીડા ઘર આંગણાની શોભા ગણાતા અને જેના ચહમહાટથી પરોઢિયે કલરવ અને સંધ્યાકાળે કેકારવ સાંભળવા મળતો તે હવે ફકત મોબાઈલ રીંગટોનમાં સાંભળવા મળે છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે માણસને પંખીઓની જરૂર છે. પંખીઓને માણસની જરૂર નથી. પક્ષીઓ આપણી આસપાસની કીટક સૃષ્ટિનો આહાર કરીને માનવજાતને ઉગારે છે તેમજ પક્ષી તેની ચરક દ્વારા ઠેર ઠેર વૃક્ષારોપણ કરીને પર્યાવરણ પણ બચાવી રહ્યાં છે.

### પક્ષીઓને તળેલા ખાદ્ય પદાર્થો આપવા નહીં

ગાંધીનગરમાં કાગડા તથા કાબરોનો મોટી સંખ્યામાં વસવાટ હોવાથી ઘણી વાર લોકો દ્વારા ગાંઠીયા સેવ જેવા તળેલા ખાદ્ય પદાર્થો પક્ષીઓને 'ચણ' તરીકે નાંખવામાં આવે છે. જે યોગ્ય નથી. માનવીની માફક તળેલી વસ્તુઓ ખાવાથી પક્ષીઓના પાચન તંત્રને પણ ખુબ જ નુકશાન થાય છે. આથી તળેલા ખાદ્ય પદાર્થો પક્ષીઓને 'ચણ' તરીકે નહીં નાખવા અપીલ છે. વિવિધ અનાજના દાણા ઉપરાંત રોટલીનો ભૂક્કો, ખીચડી-ભાત પણ પક્ષીઓ ખાય છે.

### ચકલીઓને દાણા ખવડાવા માટે બર્ડ ફીડરનું વિતરણ

પક્ષીઓને ચણ નાખવા માટે લોકોમાં જાગૃતિ આવે એ માટે ગીતાબહેન આહીર દ્વારા 'આહીર લેડી બર્ડઝ'ના દરેક સભ્ય બહેનો તેમજ તેમના પાડોશીને ઈન્ટરનેશનલ ડીઝાઈન ધરાવતા મજબૂત અને આકર્ષક બર્ડ ફીડરનું વિતરણ કરવામાં આવ્યું છે. સચિવાલયમાં ફરજ બજાવતા તેમના પતિ અશ્વિનભાઈ જાટીયા દ્વારા પણ તેમની કચેરીમાં વિના મૂલ્યે બર્ડ ફીડરનું વિતરણ કરવામાં આવ્યું છે.

સિમેન્ટ કોંક્રીટના શહેરી જંગલમાં ચકલી તથા નાના પક્ષીઓ માટે ખોરાક દુર્લભ છે. જીવદયાને નામે કબૂતરોને જુવાર અને ઘઉંની ચણ નખાય છે. જે ચકલી માટે નથી. ચકલીઓ માટે ચોખા બાજરી જેવા ઝીણાં ધાન્યો નાંખવાનું સદંતર બંધ થયું છે.